### ‘ગુજરાતમિત્ર’એ રજૂ કરેલી નો-રિપિટેશનની ભવિષ્યવાણી સાચી પડી

# સુરત જિલ્લા ભાજપ સંગઠનમાં જૂના જોગીનો સમાવેશ કરાયો




**આઠ** ઉપપ્રમુખ, ત્રણ મહામંત્રી, આઠ મંત્રી, એક કોષાધ્યક્ષ અને એક કાર્યાલય મંત્રીની વરણી

**સંગઠનમાં** કોરાણે મુકાયેલા નેતાઓને ફરી સ્થાન અપાતા જુના જોગીઓને આશા જીવંત બની

**નવા** માળખામાં ધારાસભ્ય સંદીપ દેસાઈ, મુકેશ પટેલ, ઈશ્વર પરમારની સાથે સંગઠન પ્રમુખને સાચવી લેવાયા

બારડોલીઃ લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી તે સુરત જિલ્લા ભાજપ સંગઠનના નવા માળખાની મંગળવારના રોજ જાહેરાત કરવામાં આવી હતી. ‘ગુજરાતમિત્ર’ દ્વારા જે નામો જણાવવામાં આવ્યાં હતાં તે ત્રણેયને મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવતાં ‘ગુજરાતમિત્ર’ની ભવિષ્યવાણી સાચી ઠરી હતી.

‘ગુજરાતમિત્ર’એ 12મી જાન્યુઆરીના રોજ પક્ષની નો-રિપિટેશન થિયરી બાબતે અહેવાલ પ્રકાશિત કર્યો હતો. જેમાં મહામંત્રી પદ માટે નવાં મંગાવવામાં આવેલાં નામો પૈકી સુરત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રહી ચૂકેલા રોહિત પટેલ, માજી મહામંત્રી જગદીશ પારેખના નામનો ઉલ્લેખ કર્યો હતો. આ ઉપરાંત અંકુર દેસાઇની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી હતી. જે આજે થયેલી જાહેરાતમાં સાચી પડી છે.

સંગઠનમાં કોરાણે મુકાયેલા કેટલાક નેતાઓને ફરી સ્થાન મળતા જૂના જોગીઓની આશા જીવંત બની છે. આઠ ઉપપ્રમુખ, ત્રણ મહામંત્રી, આઠ મંત્રી, એક કોષાધ્યક્ષ અને એક કાર્યાલય મંત્રીની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત સાત મોરચાના પ્રમુખ અને મહામંત્રીની પણ નિમણૂક કરવામાં આવી છે. આ સમગ્ર નિમણૂકમાં ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઇ, માજી મંત્રી મુકેશ પટેલ અને ભાજપ સંગઠન પ્રમુખ ભરત રાઠોડનો દબદબો રહેવાની સાથે ભાવેશ પટેલને ઉપપ્રમુખ બનાવી બારડોલીના ધારાસભ્ય ઈશ્વર પરમારને પણ સાચવી લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

### કડોદરા નગરપાલિકાના માજી પ્રમુખ અંકુર દેસાઇની વરણીથી પલસાણામાં ખુશી



પલસાણાઃ સુરત જિલ્લા ભાજપા સંગઠનમાં કડોદરા નગરપાલિકાના માજી પ્રમુખ અંકુર દેસાઇની વરણી કરવામાં આવતાં કડોદરા સહિત પલસાણા તાલુકાના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ છે. અંકુર દેસાઇ કડોદરા ગ્રામ પંચાયતમાં સરપંચ રહ્યા બાદ નગરપાલિકા બન્યા બાદ પ્રથમ પ્રમુખ પણ રહી ચૂક્યા છે. આ ઉપરાંત સંગઠનમાં પણ તેમણે સુરત જિલ્લા યુવા મોરચાના પ્રમુખ તરીકે જવાબદારી નિભાવી છે. આ ઉપરાંત કડોદરા નગરપાલિકામાં કારોબારી સમિતિના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી છે. તેમના ઉત્સાહ તેમજ પક્ષ પ્રત્યેની નિષ્ઠા જોઈને પક્ષે તેમના પર મહામંત્રી તરીકેનો કળશ ઢોળી કદર કરી હોવાની કાર્યકરોમાં ચર્ચા ચાલી રહી છે.

### કયા કયા હોદ્દેદારોની વરણી થઈ

**ઉપપ્રમુખ :** ભાવેશભાઈ નગીનભાઈ પટેલ-બારડોલી તાલુકો, દિનેશભાઈ ગમનભાઈ પટેલ-અરેઠ તાલુકો, અનિલભાઈ મદનલાલ શાહ-માંગરોળ તાલુકો, અર્જુનભાઈ જાતરીયાભાઈ વસાવા-ઉમરપાડા તાલુકો, મોહનભાઈ નાથુભાઈ આહીર-પલસાણા તાલુકો, વર્ષાબેન અશોકભાઈ ભંડારી-બારડોલી નગર, ભક્તિબેન ઘનશ્યામભાઈ પટેલ- ઓલપાડ, મનીષાબેન મેહુલભાઈ ચૌધરી-મહુવા તાલુકો,

**મહામંત્રી :** જગદીશભાઈ અમૃતલાલ પારેખ-માંડવી નગર, રોહિતભાઈ મનહરભાઈ પટેલ-માંડવી તાલુકો, અંકુર દિલીપ દેસાઈ-કડોદરા નગર

**મંત્રીઃ** હિતેશભાઈ બાબુભાઈ નાયક-મહુવા તાલુકો, ધર્મેન્દ્રસિંહ ચંદ્રસિંહ સોલંકી-માંગરોળ તાલુકો, પરેશભાઈ રામજીભાઈ ઇટાલિયા-કામરેજ તાલુકો, ડો.ક્રિષ્ણાકુમાર પાંડે-કડોદરા નગર, તેજલબેન હેમાંશુભાઈ મિસ્ત્રી-કામરેજ તાલુકો, કિરણબેન ધનસુખભાઈ પરમાર-તરસાડી નગર, રેખાબેન સોમાભાઈ પટેલ-અંબિકા તાલુકો, હિનાબેન સુનિલસિંહ ગોહિલ-ચોર્યાસી તાલુકો, કોષાધ્યક્ષ-યોગેશભાઈ ચંપકભાઈ પટેલ-પલસાણા તાલુકો, કાર્યાલય મંત્રી તરીકે અંબેલાલ છગનભાઈ પટેલ-બારડોલી તાલુકો.

### વિવિધ મોરચાના પ્રમુખ

| | |
|---|---|
| **યુવા મોરચો પ્રમુખઃ** | દર્શનકુમાર અમૃતભાઈ પટેલ (કામરેજ) |
| **મહિલા મોરચો પ્રમુખઃ** | અવનીબેન મીરલભાઈ નાયક (ચોર્યાસી) |
| **કિસાન મોરચો પ્રમુખઃ** | નિલેશકુમાર રૂપસિંહ દેવધરા (પલસાણા) |
| **OBC મોરચો પ્રમુખઃ** | યોગેશભાઈ કાંતિલાલ મૈસુરીયા (બારડોલી) |
| **SC મોરચો પ્રમુખઃ** | પ્રવિણભાઈ બાલુભાઈ મકવાણા (ઓલપાડ) |
| **ST મોરચો પ્રમુખઃ** | દિપકભાઈ અભેસિંગભાઈ વસાવા (માંગરોળ) |
| **લઘુમતી મોરચો પ્રમુખઃ** | મોહમદ હુસેન અબ્દુલ કૈયમ આરીફ (માંગરોળ) |

### સરસ ગામમાં સર્વ શિક્ષા અભિયાન હેઠળના બાંધકામમાં ગેરરીતિ બહાર આવી

# ધારાસભ્ય મુકેશ પટેલે નબળી ગુણવત્તાની કામગીરી ઝડપી

**ધારાસભ્યએ** સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે. બાળકોનાં ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે

**કોન્ટ્રાક્ટરના** બિલો અટકાવી દોષિતો સામે કડક પગલાં લેવા મુકેશ પટેલની સૂચના



સુરતઃ ઓલપાડ તાલુકાના ધારાસભ્ય મુકેશ પટેલ ગઈકાલે એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પરત ફરતાં સમયે સરસ ગામમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ચાલી રહેલા શાળાના ઓરડાના બાંધકામની આકસ્મિક રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન બાંધકામમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી હતી.

ધારાસભ્ય મુકેશ પટેલે સ્થળ પર હાજર રહી બાંધકામની ગુણવત્તા, સમયસર પૂર્ણતા તેમજ વિદ્યાર્થીઓને સુરક્ષિત અને સુવિધાજનક શૈક્ષણિક માહોલ મળે એ દિશામાં કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, સ્કૂલના ઓરડાઓ નબળી ગુણવત્તાના માલસામાનથી બનાવવામાં આવી રહ્યા હતા. ખાસ કરીને રેતીની જગ્યાએ પોણો વાપરી કોન્ટ્રાક્ટર દ્વારા બાંધકામ કરવામાં આવી રહ્યું હોવાનું બહાર આવ્યું હતું. આવી જ હલકી ગુણવત્તાની કામગીરી સરસ તેમજ મુળદ ગામ ઉપરાંત ઓલપાડ તાલુકાનાં અન્ય પાંચથી છ સ્થળોએ પણ થતી હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.આ બાબતની ગંભીરતા જોતા ધારાસભ્ય મુકેશ પટેલે જિલ્લા પંચાયતના પદાધિકારીઓ સાથે તાત્કાલિક વાતચીત કરી હતી તથા જવાબદાર અધિકારીઓને ખખડાવી યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપી હતી. સાથે જ સંડોવાયેલા કોન્ટ્રાક્ટરનાં બિલો અટકાવવા તથા સમગ્ર મામલે તપાસ કરી દોષિતો સામે કડક પગલાં લેવા આદેશ આપ્યા હતા. ધારાસભ્યએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે બાળકોના ભવિષ્ય સાથે કોઈપણ પ્રકારની બેદરકારી ચલાવી લેવામાં નહીં આવે અને સરકારી યોજનાઓમાં પારદર્શિતા તથા ગુણવત્તા જાળવવી અનિવાર્ય છે.



# પાવરગ્રીડના વિરોધમાં સુરતમાં 12મીએ ખેડૂતોની વાહનરેલી

**વનિતા** વિશ્રામથી કલેક્ટર કચેરી સુધીની રેલીમાં અંદાજે 5 હજાર ખેડૂતો જોડાશે

સુરત, કીમઃ સુરત જિલ્લાના કામરેજ, પલસાણા, બારડોલી, મહુવા, અંબિકા, ઓલપાડ, માંગરોળ, માંડવી તેમજ ભરૂચ જિલ્લાના હાંસોટ, અંકલેશ્વર, જંબુસર, આમોદ અને વાગરા તાલુકાના અનેક ગામોમાંથી પસાર થનારી પાવરગ્રીડ વીજ ટ્રાન્સમિશન લાઈનને લઈને ખેડૂતોમાં ભારે રોષ ફેલાયો છે. આ મુદ્દે ઓલપાડ તાલુકાના ભાદોલ ગામે આનંદ આશ્રમમાં આજે મહત્વની ખેડૂત મીટિંગ યોજાઈ હતી. આ મીટિંગમાં આગામી 11 ફેબ્રુઆરીના રોજ સુરતના વનિતા વિશ્રામ ખાતેથી કલેક્ટર કચેરી સુધી ભવ્ય રેલી કાઢી તાકાત બતાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ રેલીમાં સમગ્ર દક્ષિણ ગુજરાતમાંથી આશરે 5 હજાર જેટલા ખેડૂતો જોડાશે એવો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# વડોદરા-સુરત સેક્શનમાં બ્લોક, 6 ટ્રેનનો સમય બદલાયો

**વલસાડ** અને હરિદ્વાર એક્સપ્રેસ સહિતની ટ્રેનો 1 કલાકની આસપાસ મોડી દોડશે

સુરતઃ વડોદરા ડિવિઝનના વરનામા અને મકરપુરા સ્ટેશનો વચ્ચે બ્રિજ નંબર 570 પર જૂના સ્ટીલ ગર્ડર બદલીને પીએસસી (PSC) સ્લેબ મૂકવાની મહત્વપૂર્ણ એન્જિનિયરિંગ કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સમારકામના કારણે 28 અને 29 જાન્યુઆરીના રોજ અપ અને ડાઉન લાઈન પર ટ્રાફિક બ્લોક રહેશે, જેના કારણે કુલ 6 ટ્રેન 40 મિનિટથી લઈને 1 કલાક 10 મીનિટ સુધી મોડી દોડશે. રેલવે તંત્ર દ્વારા બ્રિજની સુરક્ષા માટે આ કામગીરી અનિવાર્ય હોવાનું જણાવાયું છે, પરંતુ તેનાથી મુસાફરોએ બે દિવસ સુધી મુસાફરી માં વિલંબ વેઠવો પડશે.

### ૨૮ જાન્યુઆરીઃ અપ લાઇન પર અસર

હરિદ્વાર - બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ (૧૯૦૨૦): નિર્ધારિત સમય કરતાં ૧ કલાક ૧૦ મિનિટ મોડી ઉપડશે. દાહોદ - વલસાડ એક્સપ્રેસ (૧૯૦૧૨): ૧ કલાક ૧૦ મિનિટ મોડી (રેગ્યુલેટ) દોડશે. વડોદરા - વલસાડ પેસેન્જર (૫૯૦૫૦): ૪૦ મિનિટ વિલંબથી દોડશે.

### ૨૯ જાન્યુઆરીઃ ડાઉન લાઇન પર અસર

ચેન્નાઇ - અમદાવાદ નવજીવન સુપરફાસ્ટ (૧૨૯૫૯): ૧ કલાક ૧૦ મિનિટ મોડી દોડશે. બાંદ્રા ટર્મિનસ - જયપુર સ્પેશિયલ (૦૯૭૨૪): ૧ કલાક મોડી દોડશે. બાંદ્રા ટર્મિનસ - માતા વૈષ્ણોદેવી કટરા સ્વરાજ એક્સપ્રેસ (૧૨૪૭૧): ૩૦ મિનિટ રેગ્યુલેટ (મોડી) કરવામાં આવી છે.

### પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને શૈક્ષણિક માર્ગદર્શન માટે યોજાતી

# પ્રખરતા શોધ કસોટી આજે, સુરત જિલ્લામાં સૌથી વધુ 10,470 વિદ્યાર્થી

**તમામ** પરીક્ષા ખંડોમાં CCTV કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે

સુરતઃ આગામી 28 જાન્યુઆરી, 2026ના રોજ રાજ્યભરમાં ‘પ્રખરતા શોધ કસોટી-2026’નું આયોજન કરવામાં આવ્યું છે. આ કસોટીમાં સુરત જિલ્લામાં રાજ્યમાં સૌથી વધુ નોંધણી નોંધાઈ છે. સુરત જિલ્લામાં કુલ 10,470 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ભાગ લેશે. પરીક્ષા માટે જિલ્લામાં 13 કેન્દ્રો, 36 પરીક્ષા બિલ્ડિંગ અને જરૂરી તમામ વ્યવસ્થાઓ પૂર્ણ કરવામાં આવી છે. પ્રખરતા શોધ કસોટી બે સત્રમાં લેવામાં આવશે. પ્રશ્નપત્ર-1 સવારે 11:00 થી બપોરે 1:00 વાગે રહેશે. જેમાં ગુજરાતી, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન અને સામાન્ય જ્ઞાન કુલ 100 ગુણનું રહેશે. જ્યારે પ્રશ્નપત્ર-2 બપોરે 2:00 થી સાંજે 4:00 વાગે અને ગણિત, વિજ્ઞાન અને માનસિક ક્ષમતાનું પેપર કુલ 100 ગુણનું રહેશે.

### નેગેટિવ માર્કિંગ મુકાશે, ગેરરીતિ સામે કડક

બોર્ડ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, દરેક ખોટા જવાબ માટે 0.33 ગુણ કાપવામાં આવશે. પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન, કેલ્ક્યુલેટર કે કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ગેરરીતિ આચરનાર પરીક્ષાર્થીનું પરિણામ રદ કરવામાં આવશે. પરીક્ષાની પારદર્શિતા જાળવવા તમામ પરીક્ષા ખંડોમાં CCTV કેમેરા દ્વારા સતત દેખરેખ રાખવામાં આવશે.

### શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કેન્દ્રોની ફાળવણી

| **શહેરી** | **વિસ્તારો** |
|---|---|
| સુરત મધ્ય | 1600 |
| વરાછા | 1321 |
| રાંદર | 1273 |
| ઉધના | 956 |
| ચોર્યાસી | 657 |
| **ગ્રામ્ય** | **વિસ્તારો** |
| કામરેજ | 1237 |
| બારડોલી | 939 |
| માંગરોળ | 919 |
| ઉમરપાડા | 514 |
| માંડવી | 467 |
| ઓલપાડ | 297 |
| મહુવા | 290 |

## અનુસંધાન... પાના છેલ્લાનું

### દરજીકામની આડમાં...

અને હાલમાં નવસારીમાં ઝારાવાડ રહીને દરજી કામ કરતો હતો.

ગુજરાત એટીએસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે એટીએસના નાયબ પોલીસ અધિક્ષક હર્ષ ઉપાધ્યાયને ચોક્કસ બાતમી મળી હતી કે, મૂળ ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાના ડુડાવાળાના વતની અને હાલમાં નવસારીના ઝારાવાડ વિસ્તારમાં રહી દરજી કામ કરતો ફૈઝાન નામના શખસે યુપીના કેટલાક યુવાનો ઉપર હથિયારોથી હુમલો કરી જાનથી મારી નાંખી આતંક ફેલાવવાનું તેમજ જેહાદ મારફતે કાશ્મીરને ભારત દેશથી છુટા પાડવાનું આતંકવાદી ષડયંત્ર રચેલું છે. આ ષડયંત્રને પાર પાડવા તેણે ઘાતક હથિયારો ભેગા કરેલા છે.

દરમિયાનમાં આ બાતમીને આધારે ગુજરાત એટીએસની ટીમે તપાસ હાથ ધરતા ફૈઝાનના ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ મળી આવેલી જે અંગે ટેકનીકલ એનાલિસિસ બાદ તેની પૂછપરછ માટે નવસારી એસઓજી કચેરી ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં તપાસ કરતા તેના મોબાઈલ ફોનમાંથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈસ-એ-મોહમ્મદ તથા અલ કાયદાની વિચારધારાને સમર્થન આપનાર ઉશ્કેરણીજનક સાહિત્ય મળી આવ્યું હતું.

ફૈઝાન પાસેથી મળી આવેલી પિસ્તોલ અંગે પૂછપરછ કરતા આ હથિયાર તે છ મહિના પહેલા જ્યારે પોતાના વતન ઉત્તર પ્રદેશ ગયો હતો, ત્યાંથી ત્યારે એક અજાણ્યા વ્યક્તિ પાસેથી મેળવ્યા હતા. આ હથિયાર રાખવા પાછળ જેમણે મહંમદ પયગંબર સાહેબની શાનમાં ગુસ્તાખી કરી હોય, તેવા વ્યક્તિઓની ઓળખ કરી તેના પર ગોળીબાર કરી હત્યા કરવાનું ભયાનક કાવતરું કર્યું હતું.

આમ ગુજરાત એટીએસની ટીમ નવસારીમાંથી ફૈઝાન સલમાની ઉ.વ. 22ની ધરપકડ કરી અનલોકુલ એક્ટિવિટીઝ એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટ સંબંધિત કલમો હેઠળ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### ભારતનો કાશ્મીર...

છે. આ ઉપરાંત 1 પિસ્તોલ, 6 લાઈવ રાઉન્ડ, અરબી તથા ઉર્દૂ જેવી લિપીમાં લખાયેલા લખાણ તથા ફોટા ધરાવતા કુલ 29 પાનાનું શંકાસ્પદ

### દીપડાએ પાંચ...

બાળકીની દાદીએ હિંમત દાખવી બૂમાબૂમ કરી મૂકતા અને ભારે સંઘર્ષ બાદ દીપડાના જડબામાંથી માસૂમ બાળકીને છોડાવવામાં સફળતા મળી હતી. દીપડાના આ હિંસક હુમલામાં રીયાને ગળા અને ચહેરાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લોહીલુહાણ હાલતમાં બાળકીને વલસાડની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. હોસ્પિટલના તબીબોના જણાવ્યા અનુસાર, બાળકીની હાલત હાલ અત્યંત નાજુક અને ચિંતાજનક છે. આ ઘટનાની જાણ થતા જ ડાંગ ઉત્તર વન વિભાગના DCF મુરાલીલાલ મિણાના માર્ગદર્શન હેઠળ લવચાલી રેંજના R.F.O. અર્ચનાબેન હિરે અને તેમનો સ્ટાફ એક્શનમાં આવ્યો છે. વન વિભાગની ટીમે ગામમાં દીપડાને પાંજરે પૂરવા વિવિધ સ્થળોએ પાંજરા ગોઠવી દીધા છે. ઉત્તર ડાંગ વન વિભાગનાં ડી.સી.એફ.મુરાલીલાલ મિણાનાં માર્ગદર્શન હેઠળ લવચાલી રેંજનાં R.F.O. અર્ચનાબેન હિરે અને ટીમ ઈજાગ્રસ્ત બાળકીના ખબર-અંતર પૂછવા વલસાડ સિવિલ હોસ્પિટલ પહોંચી હતી. સાહિત્ય જપ્ત કરવામાં આવ્યું છે.

### સેક્સવર્ધક ગોળી...

વચ્ચે વારંવાર ઝગડા થતા હતા. ઈશરતજહાંએ ચોંકાવનારો ખુલાસો કર્યો કે પતિ દર મહિને સેક્સવર્ધક ગોળીઓનું સેવન કરી તેની સાથે હેવાનીયતપૂર્વક વર્તન કરતો હતો. મારપીટ અને શારીરિક યાતનાઓ એટલી હદે પહોંચતી કે ઘણી વખત તેના શરીરમાંથી લોહી નીકળતું હતું. આ શારીરિક તથા માનસિક ત્રાસથી તે સંપૂર્ણ રીતે તૂટી પડી હતી. ગત 1 તારીખે હૈદરઅલી મુંબઈથી ઘરે આવ્યો ત્યારે બંને વચ્ચે ફરી ઝગડો થયો હતો.

તે જ દિવસે પત્નીએ હળદરવાળા દૂધમાં ઉંદર મારવાની દવા ભેળવી પતિને પીવડાવી દીધી હતી. ઝેરની અસરથી પતિની તબિયત ધીમે ધીમે બગડતી ગઈ. ત્યારબાદ 5 તારીખે, પતિ અશક્ત હાલતમાં હોવાનો લાભ લઈ પત્નીએ તેની છાતી પર બેસી ગળું દબાવી હત્યા કરી નાંખી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. મૃત્યુને સામાન્ય બતાવી દફનવિધિ કરવાની તૈયારી ચાલી રહી હતી ત્યારે મૃતકના ભાઈ અને પત્ની વચ્ચે વિવાદ થયો હતો. શંકા ઊભી થતાં લિંબાયત પોલીસે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવ્યું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ઝેરના અંશ તેમજ ગળું દબાવવાના સ્પષ્ટ નિશાન મળતાં સમગ્ર ઘટનાનો ભેદ ઉકેલાયો. લિંબાયત પોલીસ આ કેસમાં અન્ય કોઈની સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ વધુ તપાસ કરી રહી છે.

### ફરી દિવસે...

29.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયો હતો, જેના કારણે બપોરના સમયે પણ ઠંડીનો અનુભવ થયો હતો. બીજી તરફ લઘુત્તમ તાપમાન 1.8 ડિગ્રી વધીને 18 ડિગ્રી નોંધાયું હતું. શહેરમાં હવામાં અંદાજે 54 ટકા ભેજ નોંધાયો હતો. હાલ શહેરમાં ઉત્તર પૂર્વથી પૂર્વ દિશાના પવનોની અસર વર્તાઈ રહી છે, જેના કારણે તાપમાનમાં ઉતાર-ચઢાવ નોંધાઈ રહ્યો છે.

હવામાન વિભાગે આપેલી આગાહી મુજબ સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આગામી સાત દિવસ હવામાન શુષ્ક રહેવાની શક્યતા છે. પવનની દિશામાં આવનારા દિવસોમાં ફેરફાર થતાં તાપમાનમાં ફરી વધારો કે ઘટાડો જોવા મળી શકે છે. રાજ્યના અનેક વિસ્તારોમાં હાલમાં તાપમાનનો પારો ઊંચો ગયો હોવાનું પણ હવામાન વિભાગે જણાવ્યું છે. જો કે સુરત અને આસપાસના વિસ્તારોમાં આગામી બે દિવસ ફરીથી ઠંડીનો ચમકારો રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાનના આ બદલાતા માહોલને પગલે લોકોમાં હળવી ઠંડી સાથે ઉનાળાની ગરમીનો સંયુક્ત અનુભવ થઈ રહ્યો છે. ખાસ કરીને સવાર-સાંજ ઠંડક અને બપોરે નરમ ગરમી અનુભવાતી હોવાથી આરોગ્ય બાબતે સાવચેતી રાખવા તબીબો દ્વારા પણ સૂચના આપવામાં આવી છે.

### ડાંગમાં માવઠું...

રહ્યો છે અને આકાશમાં કાળા ડિબાંગ વાદળોએ ડેરો જમાવ્યો છે. સોમવારે સાંજ પડતા જ પવનના સુસવાટા સાથે વરસાદી ઝાપટાં પડવાનું શરૂ થતા માર્ગો પરથી પસાર થતા વાહનચાલકો અને પશુપાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખાસ કરીને ખેતરોમાં તૈયાર થયેલા પાકને નુકસાન થવાની ભીતિને કારણે ખેડૂતો ચિંતામાં ગરકાવ થઈ ગયા છે. મોડી સાંજે અચાનક ત્રાટકેલા વરસાદને કારણે પાક બચાવવા માટે ખેતરોમાં ખેડૂતોની ભારે અફરાતફરી જોવા મળી હતી. બીજી તરફ, ડાંગના ગિરિમથક સાપુતારા ખાતે વાતાવરણ અત્યંત આહલાદક બની ગયું છે. વાદળછાયા આકાશ અને હળવા ઝાપટાંને કારણે સમગ્ર હિલ સ્ટેશન ઠંડક પ્રસરતા પ્રકૃતિપ્રેમીઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ધુમ્મસીયા વાતાવરણ અને આહલાદક ઠંડકનો આનંદ માણવા માટે પ્રવાસીઓની ભીડ ઉમટી પડી હતી. પ્રકૃતિનું અદભુત સૌંદર્ય ખીલી ઉઠતા સાપુતારા જાણે મીની કાશ્મીર જેવો અહેસાસ કરાવી રહ્યું છે. જોકે, વાતાવરણમાં આવેલા આ અચાનક બદલાવને કારણે આગામી દિવસોમાં ઠંડીનું જોર વધવાની અને ખેતી પર તેની માઠી અસર થવાની શક્યતાઓ પણ વર્તાઈ રહી છે.

### નલિયા 9...

સિસ્ટમ મધ્ય ભારતમાંથી પસાર થઈને છેક મહારાષ્ટ્ર સુધી આવી ગઈ છે, જેમાં પૂર્વીય ગુજરાતનો છેક દાહોદથી નીચે વલસાડ સુધીનો ભાગ કવર થઈ જાય છે, એટલે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર વચ્ચે આગામી 24 કલાકમાં ગુજરાતમાં ઠંડીનો પારો 5 ડિગ્રી સુધી નીચે ગગડી જવાની વકી છે. આજે કચ્છમાં કાતિલ ઠંડીની અસર વચ્ચે નલિયામાં 9 ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના કહેવા મુજબ, રાજ્યમાં સૌરાષ્ટ્રમાં રાત્રીના તાપમાનનો પારો સામાન્ય કરતાં નીચો ઉતરી ગયો હતો.

હવમાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કયું હતું કે આજે ભૂજમાં 11 ડિ.સે., નલિયામાં 9 ડિ.સે., કંડલા પોર્ટ પર 13 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 12 ડિ.સે., અમરેલીમાં 12 ડિ.સે., ભાવનગરમાં 18 ડિ.સે., રાજકોટમાં 11 ડિ.સે., સુરેન્દ્રનગરમા 14 ડિ.સે., પોરબંદરમાં 12 ડિ.સે., મહુવામાં 16 ડિ.સે., કેશોદમાં 12 ડિ.સે., અમદાવાદમાં 17 ડિ.સે., ડીસામાં 15 ડિ.સે., ગાંધીનગરમાં 16 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 17 ડિ.સે., વડોદરામાં 19 ડિ.સે., સુરતમાં 18 ડિ.સે. અને દમણમાં 17 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

## અનુસંધાન... પાના પહેલાનું

### UGCના સમાનતાના...

કોલેજોના વિદ્યાર્થીઓના એક જૂથે દિલ્હીમાં UGC મુખ્ય મથક બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને જણાવ્યું હતું કે કમિશન દ્વારા જારી કરાયેલા નવા નિયમો કેમ્પસમાં અરાજકતા લાવી શકે છે. આ જૂથે UGCને તેમની માંગણીઓની યાદી સુપરત કરી હતી, જેમાં નિયમોને સંપૂર્ણપણે પાછા ખેંચવાની માંગ સામેલ હતી. ઉત્તર પ્રદેશના લખનૌ, રાયબરેલી, વારાણસી, મેરઠ, પ્રયાગરાજ અને સીતાપુરમાં વિદ્યાર્થીઓ, યુવાનો અને અનેક સંગઠનોએ ઠેર-ઠેર પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. રાયબરેલીમાં ભાજપના કિસાન નેતા રમેશ બહાદુર સિંહ અને ગૌરક્ષા દળના અધ્યક્ષ મહેન્દ્ર પાંડેએ સવર્ણ સાંસદોને બંગડીઓ મોકલી છે. યુપીમાં બરેલીના સિટી મેજિસ્ટ્રેટ અલંકાર અગ્નિહોત્રીએ નવા નિયમોના વિરોધમાં રાજીનામું આપી દીધું છે. જો કે સરકારે તેમનું રાજીનામુ સ્વીકાર્યા વિના તેમને સસ્પેન્ડ કર્યા હોવાના અહેવાલ છે. તેમણે શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદના ટેકામાં પણ રાજીનામુ આપ્યું હતું. યુપીના ભાજપ મહિલા મોરચાના એક હોદ્દેદાર શશી તોમરે આ નવા નિયમોના વિરોધમાં પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધું છે.

### સોના-ચાંદીના...

થયો છે, જે 1,66,000(તમામ ટેક્સ સહિત)ની નવી ઐતિહાસિક સપાટીએ પહોંચ્યો છે. શુક્રવારે સોનું 1,58,700 પ્રતિ 10 ગ્રામ પર બંધ થયું હતું. 77મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સોમવારે બુલિયન માર્કેટ બંધ રહ્યું હતું. બીજી તરફ, ચાંદીના ભાવમાં પણ શાનદાર પ્રદર્શન ચાલુ રહ્યું હતું અને બુલિયન માર્કેટમાં વધુ એક સત્રમાં ચાંદીએ સોના કરતા પણ વધુ તેજી નોંધાવી હતી. સફેદ ધાતુ (ચાંદી) ના ભાવમાં કિલો દીઠ 40,500 અથવા 12.3 ટકાનો જંગી ઉછાળો આવ્યો હતો, જે 3,70,000 પ્રતિ કિલોગ્રામ (તમામ ટેક્સ સહિત)ની નવી ટોચે પહોંચી ગઈ છે.

સોના-ચાંદીના ભાવોમાં મોટા વધારા માટે વિવિધ કારણો જવાબદાર છે. આમાં વૈશ્વિક અસ્થિરતાઓ વચ્ચે આ બંને કિંમતી ધાતુઓમાં રોકાણ કરવા માટેનો રોકાણકારોનો ધસારો વધ્યો છે એ એક મહત્વનું કારણ છે. ઉપરાંત વિશ્વભરના દેશોની મધ્યસ્થ બેંકો સોનાનો અનામત જથ્થો વધારી રહી છે, જેમના તરફથી પણ સોનાની મોટા પાયે ખરીદી થઈ રહી છે અને તેને કારણે પણ સોનાનો ભાવ વધી રહ્યો છે.

### વિદેશી ગાડીઓ,...

માટે અભૂતપૂર્વ બજાર પ્રવેશ પ્રદાન કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ સમજૂતી દેશના વૈશ્વિક વ્યાપાર જોડાણમાં એક વ્યૂહાત્મક સફળતા છે, જે 1.4 અબજ લોકો માટે 20 ટ્રિલિયન USD ના EU બજારમાં વિશાળ તકો ખોલશે. આ કરાર પર આગામી 5-7 મહિનામાં ઔપચારિક રીતે હસ્તાક્ષર કરવામાં આવશે અને તે 2026 માંજ અમલમાં આવે તેવી શક્યતા છે.

એકવાર સમજૂતી લાગુ થઈ ગયા પછી, ઓટોમોબાઈલ અને સ્ટીલને બાદ કરતાં ભારતની લગભગ તમામ ચીજવસ્તુઓ (93 ટકાથી વધુ) ને યુરોપિયન યુનિયનમાં શૂન્ય-ડ્યુટી પ્રવેશ મળશે. બાકીના 6 ટકાથી વધુ માલસામાન માટે ભારતીય નિકાસકારોને ટેરિફમાં ઘટાડો અને ક્વોટા-આધારિત ડ્યુટી રાહતો મળશે. આ કરાર પર ચાલુ વર્ષના અંતમાં હસ્તાક્ષર થવાની અપેક્ષા છે અને તે 2027 ની શરૂઆતમાં સંપૂર્ણ રીતે અમલી બને તેવી સંભાવના છે. ભારતીય માલસામાન પર EU ના સરેરાશ ટેરિફ જે હાલમાં 3.8 ટકા છે, તે આ સોદા હેઠળ ઘટીને 0.1 ટકા થઈ જશે. જોકે, અમુક ક્ષેત્રોમાં અત્યારે ડ્યુટી વધારે છે, જેમાં મરીન (0-26%), કેમિકલ્સ (12.8% સુધી), પ્લાસ્ટિક અને રબર (6.5% સુધી), લેધર અને ફૂટવેર (17% સુધી), ટેક્સટાઈલ અને કપડાં (12% સુધી), જેમ્સ અને જ્વેલરી (4% સુધી), રેલવે અને એરક્રાફ્ટના ભાગો (7.7% સુધી), ફર્નિચર (10.5% સુધી) તેમજ રમકડાં અને સ્પોર્ટ્સ ગુડ્સ (4.7% સુધી) નો સમાવેશ થાય છે. આ તમામ વસ્તુઓ પર EU હવે ભારત માટે ડ્યુટી નાબૂદ કરશે. બીજી તરફ, EU ને આગામી દસ વર્ષના ગાળામાં ભારતમાં તેના 90 ટકાથી વધુ માલસામાન માટે કરમુક્ત પ્રવેશ મળશે, જ્યારે ભારત સમજૂતીના અમલીકરણના પ્રથમ દિવસે માત્ર 30 ટકા યુરોપિયન માલ પરથી ડ્યુટી હટાવશે.

### યુરોપ ભારત સાથે...

દ્વારા આપવામાં આવેલું ‘ડેડી’ હુલામણું નામ હવે ટ્રમ્પને એક એવા પ્રભુત્વશાળી સરમુખત્યાર તરીકે રજૂ કરવા માટેનો ટૂંકો પર્યાય બની ગયું છે, જે વિરોધીઓ અને સાથીઓ બંને પર નિયંત્રણ રાખવાનું પસંદ કરે છે. કેનેડાના વડાપ્રધાન કાર્ની ભારતની મુલાકાતે આવી રહ્યા છે જેઓ વેપારનું વૈવિધ્યીકરણ કરવા માગે છે, બ્રાઝિલના પ્રમુખ સિલ્વા પણ ભારત આવી રહ્યા છે અને યુકેના વડાપ્રધાન કિર સ્ટારમર મોટા કાફલા સાથે ચીન ગયા છે અને આ બધી હિલચાલમાં એક સમાન પરિબળ ટ્રમ્પ પરિબળ છે.

### દિલ્હી ડાયરી...

બન્યા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે અદાણીએ તાજેતરમાં મુંબઈમાં જુનિયર પવાર અને દિલ્હીમાં શરદ પવાર સાથે મુલાકાત કરી સમાધાનનું સૂચન કર્યું હતું. અજિત પવારના ધારાસભ્યો આ વર્ષે એપ્રિલમાં યોજાનારી રાજ્યસભાની ચૂંટણીમાં શરદ પવારની ફરીથી પસંદગીને સમર્થન આપશે જ્યારે તેમનો વર્તમાન કાર્યકાળ પૂરો થશે. તેના બદલામાં, તેમની પુત્રી અને લોકસભાના સાંસદ સુપ્રિયા સુલે એનસીપી (શરદ ચંદ્ર પવાર) ને સત્તાવાર રીતે એનસીપી (અજિત પવાર) સાથે વિલીન કરવા માટે તૈયાર છે, શરત એ છે કે તેમના પિતા સત્તાવાર રીતે સંયુક્ત પક્ષના વડા બને, ભલે તેમના પિતરાઈ ભાઈ મહારાષ્ટ્રમાં નિર્ણયો લેતા હોય અને તેમને તેમના કાકાના વારસદાર તરીકે સ્વીકારવામાં આવે. અજિત પવાર હજુ બીજા પ્રસ્તાવ સાથે સહમત થયા નથી.

**પ્રિયંકા ગાંધીને અસામમાં મોટી જવાબદારી**

અસામ વિધાનસભાની ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે, અસામ પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અને વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના વિશ્વાસુ લેફ્ટનન્ટ ગૌરવ ગોગોઈ હાલમાં જનસંપર્ક અભિયાન પર છે. ઉમેદવારોની પસંદગી માટેની સ્ક્રીનિંગ કમિટીના અધ્યક્ષ તરીકે એઆઈસીસી જનરલ સેક્રેટરી અને લોકસભા સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાના નામની જાહેરાત થતા તેમને વધુ પ્રોત્સાહન મળ્યું છે. તેમના જનસંપર્ક કાર્યક્રમના સંદર્ભમાં, ગોગોઈએ કથિત રીતે તૃણમૂલ કોંગ્રેસના વર્તમાન રાજ્યસભા સાંસદ સુષ્મિતા દેવ સાથે મુલાકાત કરી હતી. અસામના સ્વર્ગસ્થ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા સંતોષ મોહન દેવની લડાયક પુત્રી સુષ્મિતા દેવે 2021માં કોંગ્રેસ છોડીને તૃણમૂલ કોંગ્રેસમાં જોડાવાનો નિર્ણય કર્યો હતો અને તેમને રાજ્યસભાની બેઠક આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભારતના ચૂંટણી પંચના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પ્લાન હેઠળ મતદાર યાદીમાં કરવામાં આવેલા વ્યાપક સુધારાને કારણે, મુસ્લિમ મતદારોની મોટી સંખ્યા હોવા છતાં કોંગ્રેસ અસામની બરાક વેલીમાં પોતાની સ્થિતિ અંગે ચિંતિત છે. ગોગોઈની સુષ્મિતા દેવ સાથેની મુલાકાત પહેલા પાડોશી પશ્ચિમ બંગાળના અન્ય એક તૃણમૂલ કોંગ્રેસ નેતા અને રાજ્યસભા સાંસદ કોંગ્રેસમાં પાછા ફર્યા હતા. પશ્ચિમ બંગાળના દિગ્ગજ કોંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્વર્ગસ્થ એ. બી. એ. ખાન ચૌધરીની ભત્રીજી મૌસમ નૂરે ‘ઘર વાપસી’ કરી હતી.

**અસામ જીતવા કોંગ્રેસની મજબૂત ટીમ**

અસામમાં ઉમેદવારોની પસંદગી માટેની સ્ક્રીનિંગ કમિટીના અધ્યક્ષ તરીકે પ્રિયંકા ગાંધી વાડ્રાની નિમણૂક કર્યા પછી, કોંગ્રેસે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી ડી કે શિવકુમાર, છત્તીસગઢના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ અને ઝારખંડના ભૂતપૂર્વ ધારાસભ્ય બંધુ તિર્કીને વરિષ્ઠ નિરીક્ષકો (સીનિયર ઓબ્ઝર્વર્સ) તરીકે નિયુક્ત કર્યા છે. જ્યારે બઘેલ અસામના રાજકારણથી પરિચિત છે, કારણ કે તેમણે 2021માં પક્ષના અભિયાનનું સંચાલન કર્યું હતું, શિવકુમાર તેમની સંગઠનાત્મક કુશળતા માટે જાણીતા છે. તિર્કી પક્ષને આદિવાસી અને ચાના બગીચાના શ્રમિક સમુદાયો (ટી ટ્રાઈબ્સ) સાથે ફરીથી જોડવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે.

## સંક્ષિપ્ત સમાચાર



હિતેશ પટેલ

### સુરત જિલ્લા કક્ષાનો પ્રજાસત્તાક પર્વ માંડવીમાં ઉજવાયો

માંડવીઃ રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ૨૬મી જાન્યુઆરીએ ૭૭મા પ્રજાસત્તાક પર્વની સુરત જિલ્લા કક્ષાની ઉજવણી માંડવી તાલુકા મથકે કલેક્ટર ડો.સૌરભ પારઘીની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટરે પરેડનું નિરીક્ષણ અને ત્રિરંગાને સલામી આપી પ્રજાસત્તાક પર્વની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી.આ પ્રસંગે સાંસદ પ્રભુભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, પ્રાયોજના વહીવટદાર સુનિલ, જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયા, પ્રાંત અધિકારી કૌશિક જાદવ, મામલતદાર, તા.વિકાસ અધિકારી, જિ. પં. અને તા.પંચાયતના પદાધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, નગરજનો, શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બાળ પીડિતો માટે બારડોલી ખાતે સેન્ટરનું મુખ્ય જિલ્લા જજ રાહુલ ત્રિવેદી દ્વારા ઉદઘાટન



સુરતઃ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટીસ સુનીતા અગ્રવાલ અને સુરત જિલ્લાનાં વહીવટી જસ્ટીસ એ.એસ.સુપેહીયાનાં માર્ગદર્શનથી અરજદારોના સૌથી સંવેદનશીલ વર્ગોમાંથી બાળ પીડીતો, સાનુકુળ વાતાવરણમાં ભયમુકત થઈને સલામતી સાથે નિવેદન આપી શકે તે માટે જિલ્લા અદાલત, સુરત દ્વારા તાલુકા કોર્ટ, બારડોલી ખાતે સંપૂર્ણ સુવિધાયુક્ત Vulnerable Witness Deposition Centre (VWDC) સ્થાપિત કરવામાં આવ્યું છે. 26મી જાન્યુઆરી,2026 નાં રોજ મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ એ.ત્રિવેદી અને પ્રીત કમલ તીરથ રામ, એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ ની ઉપસ્થિતિમાં આ સેન્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### પંજાબના મુખ્યમંત્રી ભગવત માન આજે ગુજરાતની મુલાકાતે



સુરતઃ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન 28 જાન્યુઆરીના રોજ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ અંગે વિગતવાર માહિતિ આપતા આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આવતીકાલે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ અમદાવાદ ખાતે ગુરુદ્વારામાં દર્શન કરશે અને ત્યારબાદ ગુજરાતની તમામ મીડિયાને સંબોધિત કરશે. પંજાબમાં અમલમાં મૂકાયેલી અનેક કલ્યાણકારી યોજનાઓ, ખાસ કરીને હાલ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ચર્ચાનો વિષય બનેલી યુનિવર્સલ હેલ્થકેર યોજના તથા પંજાબ સરકાર દ્વારા કરવામાં આવેલા વિકાસકાર્યો અંગે તેઓ વિસ્તૃત રીતે પોતાની વાત રજૂ કરશે.